For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# રાત્રે અગિયાર વાગ્યે ઉદયપુર પહોંચીને સુરતીઓ શું કરશે?

**મેઈન્ટેનન્સના** નામે વંદે ભારતનો સમય બદલવાની માંગ સામે સુરતીઓમાં ભારે રોષ

**આ** પ્રસ્તાવ માત્ર ઉદયપુરના હોટલ સંચાલકોનો એકતરફી સ્વાર્થ છતો કરે છે

**ઉદયપુર** વંદે ભારત મામલે હોટલ એસોસિએશનની અવ્યવહારુ માંગથી રોષ

સુરતઃ સુરત અને ઉદયપુર વચ્ચે દોડનારી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનના સંચાલનને લઈને વિવાદ વકર્યો છે. પશ્ચિમ રેલવે દ્વારા સુરત ડેપોમાં મેઈન્ટેનન્સની ખામીઓ દર્શાવ્યા બાદ, ઉદયપુર હોટલ એસોસિએશને રેલ મંત્રીને પત્ર લખીને ટ્રેન રદ કરવાને બદલે તેનો સમય બદલવાની માંગ કરી છે. પરંતુ એસોસિએશનની આ માંગ તદ્દન અવ્યવહારુ અને મુસાફરોની મુશ્કેલીઓને અવગણનારી સાબિત થઈ રહી છે.

હોટલ એસોસિએશને સૂચવેલા નવા ટાઈમટેબલ મુજબ, આ ટ્રેન સુરતથી બપોરે ૩:૩૦ વાગ્યે ઉપડીને રાત્રે ૧૧ વાગ્યે ઉદયપુર પહોંચશે. આ પ્રસ્તાવ સામે સૌથી મોટો સવાલ એ ઉભો થાય છે કે રાત્રે બરાબર ૧૧ વાગ્યે ઉદયપુર પહોંચીને સુરતના મુસાફરો કે પર્યટકો શું કરશે? રાત્રે ૧૧ વાગ્યે અજાણ્યા શહેરમાં પહોંચ્યા પછી હોટલ શોધવી, પરિવાર સાથે સુરક્ષિત જગ્યાએ પહોંચવું અને બાળકો કે વડીલોને લઈને રઝળપાટ કરવી શું કોઈ વ્યવહારુ વિકલ્પ હોઈ શકે?

આ પ્રસ્તાવ માત્ર ઉદયપુરના હોટલ સંચાલકોનો એકતરફી સ્વાર્થ છતો કરે છે, જેને મુસાફરોની હાલાકી સાથે કોઈ લેવાદેવા નથી. સુરતથી વીકેન્ડ કે વેકેશનમાં ઉદયપુર ફરવા જતા પરિવારો માટે આ સમય અનુકૂળ રહેવાને બદલે મુસીબત બની જશે. મોડેથી પહોંચવાને કારણે પ્રવાસીઓનો પહેલો દિવસ એળે જશે અને હોટલનું બુકિંગ પણ બિનજરૂરી રીતે પ્રભાવિત થશે. સુરત અને ઉદયપુર વચ્ચેનો વ્યાપારિક અને પ્રવાસન નાતો અત્યંત ગાઢ છે, પરંતુ મેન્ટેનન્સના બહાને મુસાફરોના ભોગે આવો અતાર્કિક સમય સ્વીકારી શકાય નહીં. રેલવે પ્રશાસને સુરત ડેપો ખાતે જ મેઈન્ટેનન્સની યોગ્ય સુવિધાઓ વિકસાવવી જોઈએ, જેથી સુરતના મુસાફરોને સમયસર અને આરામદાયક સેવા મળી રહે.

# પ્રફુલ્લ સાડી કેસમાં શિલ્પા શેટ્ટીની માતાની કોર્ટમાં હાજરી

**હાલ** આ કેસમાં ફરિયાદીની સરતપાસ ચાલી રહી છે

સુરતઃ સુરતમાં ચકચારીત ખંડણી કેસમાં બોલિવૂડ અભિનેત્રી શિલ્પા શેટ્ટીના માતા-પિતા વિરુદ્ધ સુરત કોર્ટમાં નોંધાયેલા કેસમાં આજે આરોપી સુનંદા શેટ્ટી સહિતના આરોપી કોર્ટમાં હાજર રહ્યાં હતાં. હાલ આ કેસમાં ફરિયાદીની સરતપાસ ચાલી રહી છે. મૂળ ફરિયાદી પક્ષે એડવોકેટ કિશોર બુધ્ધદેવ અને આરોપી સુનંદા શેટ્ટી તરફે મિનેષ ઝવેરી હાજર રહ્યાં હતાં. આ કેસમાં આગામી તા.૭-૧૦-૨૦૨૬નાં રોજ વધુ સુનાવણી થશે. વર્ષ 1998મા શિલ્પા શેટ્ટીએ સુરત સ્થિત જાણીતી બ્રાન્ડ 'પ્રફુલ સાડીઝ' ના માલિક પંકજ અગ્રવાલ સાથે ૧ વર્ષ માટે ટીવી વિજ્ઞાપન (મોડેલિંગ) કરવાનો કરાર કર્યો હતો. બ્રાન્ડ દ્વારા કરાર પૂરો થયા પછી પણ વિજ્ઞાપન ચાલુ રાખવામાં આવી હતી. શિલ્પા શેટ્ટીના માતા-પિતા સુરેન્દ્ર શેટ્ટી અને સુનંદા શેટ્ટીએ ૪ વર્ષ વધારાના પ્રસારણ બદલ લાખોની માંગણી કરી હતી. વર્ષ 2003માં પંકજ અગ્રવાલે સુરતના ઉમરા પોલીસ સ્ટેશનમાં સુરેન્દ્ર શેટ્ટી અને સુનંદા શેટ્ટી વિરુદ્ધ એક્સટોર્શન અને છેતરપિંડીની ફરિયાદ દાખલ કરી હતી. બ્રાન્ડ માલિકે આરોપ લગાવ્યો હતો કે પૈસા પડાવવા માટે અંડરવર્લ્ડ ડોન ફઝલ-ઉર-રેહમાન મારફતે તેમને જાનથી મારી નાખવાની અને 2 કરોડ ચૂકવવાની ધમકીભર્યા કોલ કરાવવામાં આવ્યા હતા. પોલીસે રેકોર્ડ કરાયેલી ફોન કોલની વાતચીતના આધાર પર ચાર્જશીટ દાખલ કરી હતી, જેમાં વોઈસ સ્પેક્ટ્રોગ્રાફી (આવાજ મેચિંગ) નો પુરાવો સામેલ કરાયો હતો. કેસ ચાલુ હતો તે દરમિયાન ઓક્ટોબર 2016માં શિલ્પા શેટ્ટીના પિતા સુરેન્દ્ર શેટ્ટીનું અવસાન થયું હતું.

**10 મિનિટમાં ડિલિવરીને બદલે તાજી વસ્તુ આપો**

# વેસુના બ્લિન્કિટના ડાર્ક સ્ટોર પરથી ફૂગવાળા બ્રેડ મોકલ્યા

**મનપાએ** 10 હજારનો દંડ ફટકારી 2 કિલો જથ્થાનો નાશ કર્યો

**''પેકેટ** અંદરથી કેવું છે તે બહારથી દેખાતું નથી, એપમાં ફરિયાદ કરો તેવો ઉડાઉ જવાબ



સુરતઃ શહેરમાં 'બ્લિન્કિટ' અને 'ઝેપ્ટો' જેવી ક્વિક-કોમર્સ કંપનીઓ દ્વારા ઓનલાઇન પ્લેટફોર્મ પરથી માત્ર 10 થી 15 મિનિટમાં ડિલિવરી મેળવવાની લ્હાયમાં નાગરિકોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં થવાના કિસ્સાઓ સતત વધી રહ્યા છે. તાજેતરમાં જ વેસુ વિસ્તારમાં રામદેવ ડેરી પાસે આવેલા 'બ્લિંક કોમર્સ પ્રાઇવેટ લિમિટેડ' ના ડાર્ક સ્ટોર પરથી એક નાગરિકે બ્રેડનો ઓર્ડર કર્યો હતો. ડિલિવરી બોય દ્વારા માત્ર 15 થી 20 મિનિટમાં પાર્સલ પહોંચાડવામાં આવ્યું હતું, પરંતુ પેકેટ ખોલતાં જ બ્રેડની સ્લાઈસ પર ગંભીર પ્રકારની લીલી ફૂગ વળેલી અને તે સંપૂર્ણપણે સડેલી હાલતમાં જોવા મળી હતી. રોષે ભરાયેલો ગ્રાહક સીધો ફૂગવાળી બ્રેડ લઈને વેસુ સ્થિત સ્ટોર પર પહોંચ્યો હતો અને ટેબલ પર બ્રેડ પટકીને મેનેજર તથા સ્ટાફનો ઉધડો લીધો હતો. ગ્રાહકના તીખા સવાલો સામે સ્ટોરના કર્મચારીઓએ ''પેકેટ અંદરથી કેવું છે તે બહારથી દેખાતું નથી, એપમાં ફરિયાદ કરો'' તેવો ઉડાઉ જવાબ આપી હાથ ઊંચા કરી લીધા હતા. આ ઘટના બાદ તંત્ર દોડતું થયું હતું અને સુરત મહાનગરપાલિકાના ફૂડ સેફ્ટી વિભાગે ત્વરિત કાર્યવાહી કરીને સેમ્પલ લીધા હતા, જ્યારે સેનિટેશન વિભાગ દ્વારા કંપની પાસેથી રૂ. 10,000 નો દંડ વસૂલ

...અનુસંધાન પાના ૧૩ પર

**શ્રીજીને વિદાય અપાઇ નથી તે પહેલા નવરાત્રિની તૈયારી**



હાલમાં શહેરના દરેક ખૂણામાં ગણેશોત્સવની ધૂમ ચાલી રહી છે. દરેક મંડપોમાં યુવાનો ભક્તિમાં લીન છે. તેની વચ્ચે હવે નવરાત્રિની તૈયારી પણ શરુ થઇ ગઇ છે. નવરાત્રિના ચણિયા ચોળી માર્કેટમાં મળવા લાગ્યા છે. (તસવીર : હેમંત ડેરે)

# પગારના બાકી ૧૦ હજાર માટે ૨૪ કરોડનું નુકસાન કરી નાંખ્યું



**શ્યામ** સંગીની માર્કેટમાં રૂ. ૨૪ કરોડની આગ લગાવનાર પૂર્વ એકાઉન્ટન્ટ ઝડપાયો

સુરતઃ સુરતના કુંભારિયા ત્રણ રસ્તા નજીક આવેલી શ્યામ સંગીની ટેક્સટાઇલ માર્કેટમાં આગ લગાડનારને પોલીસે ઝડપી પાડ્યો છે. તા. ૦૯/૦૯/૨૦૨૬ના રોજ માર્કેટના છઠ્ઠા માળે લગાવેલી આગમાં અંદાજે રૂપિયા ૨૪ કરોડથી વધુ કિંમતનો કાપડનો માલસામાન બળીને ખાખ થઈ ગયો હતો.

**રાત્રે સંતાઈ રહ્યો અને મોડી રાત્રે આગ ચાંપી દીધી**

તા. ૦૮/૦૯/૨૦૨૬ની રાત્રે ૯ વાગ્યે તે માર્કેટ પહોંચ્યો હતો અને પાંચમા માળના પગથિયાં પર બેસી માર્કેટ સંપૂર્ણ ખાલી થવાની રાહ જોઈ હતી. મોડી રાત્રે સવા બારથી સાડા બાર વાગ્યાના અરસામાં માર્કેટ સુમસાન થતાં તેણે દુકાનની બહાર પડેલા કાપડના પાર્સલો પર પેટ્રોલ છાંટી દીવાસળી ચાંપી આગ લગાવી દીધી હતી.

**બીજા પ્રયાસે લગાવી આગ અને ભાગ્યો**

સુરત : પેટ્રોલ છાંટ્યા બાદ આરોપી પહેલા પ્રયાસમાં માચીસથી આગ લગાવવામાં નિષ્ફળ જાય છે. જોકે, બીજા પ્રયાસમાં તે સફળતાપૂર્વક આગ ચાંપી દે છે. આગ ભભૂકતા જ તે તાત્કાલિક પેસેજ તરફ ભાગે છે અને પાછળ વળીને ખાતરી પણ કરે છે કે આગ બરાબર લાગી છે કે નહીં. તમામ દુકાનોની બહાર કાપડના પાર્સલ હોવાથી આ આગ એટલી ભીષણ બની હતી કે તેને કાબૂમાં લેતા 24 કલાકનો સમય લાગ્યો હતો.

મળતી માહિતી મુજબ સારોલી પોલીસ મથકમાં ગુનો નોંધાયા બાદ ક્રાઈમ બ્રાંચની ટીમો તપાસમાં જોડાઈ હતી. સીસીટીવી ફૂટેજમાં એક અજાણ્યો શખ્સ મોઢે સફેદ રૂમાલ બાંધી જ્વલનશીલ પદાર્થ છાંટી આગ ચાંપતો કેદ થયો હતો. હ્યુમન ઈન્ટેલિજન્સ અને સર્વેલન્સના આધારે ક્રાઈમ બ્રાંચે વિનોદ પંડિત સાવલે (ઉં.વ. ૩૩, રહે. ડિંડોલી, સુરત; મૂળ શિરપુર, જિ. ધુલિયા, મહારાષ્ટ્ર)

...અનુસંધાન પાના ૧૩ પર

# 'તું મને કિસ કેમ નથી કરતી પાસે કેમ નથી આવતી'

**પાંડેસરામાં** કૌટુંબિક વહુ સાથે અડપલાં કરનાર જેઠ સામે ગુનો નોંધાયો

સુરતઃ પાંડેસરામાંકૌટુંબિક જેઠે પોતાની જ નાની ભાઈવહુને કીસ કરવા દબાણ કરી અડપલાં કરતા મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો છે.

મૂળ ઉત્તરપ્રદેશના ભદોહીના અને હાલ પાંડેસરામાં છ વર્ષના પુત્ર સાથે ભાડેથી રહેતા ૨૯ વર્ષીય મમતાબેનના (નામ બદલેલ છે) પતિ ભરૂચ ખાતે રિલાયન્સ કંપનીમાં નોકરી કરે છે સુરતમાં જ રહેતા તેમના કૌટુંબિક જેઠ અવનીશ દયારામ તિવારી અવારનવાર તેમના ઘરે આવતા-જતા હતા. બે મહિના પહેલાં પરિવાર બાલાજીનગર ખાતે રહેતો હતો ત્યારે બપોરે પતિ નોકરી પર ગયા હતા. તે સમયે લંપટ જેઠ અવનીશ ઘરે આવ્યો હતો. રૂમમાં પાણી આપવા ગયેલી ભાઈવહુનો હાથ પકડી તેણે બળજબરીથી નજીક ખેંચી છાતી તથા કમરના ભાગે અયોગ્ય સ્પર્શ કરવા લાગ્યો હતો.પરિણીતાએ બૂમાબૂમ કરવાની ધમકી આપતાં તે છટકી ગયો હતો. બદનામીના ભયથી પીડિતાએ તે વખતે પતિને કંઈ કહ્યું ન હતું અને પરિવાર હાલના સ્થળે શિફ્ટ થઈ ગયો હતો.ત્યારબાદ ગત તારીખ ૧૭/૦૯/૨૦૨૬ ના રોજ સાંજે પતિ ઘરે હાજર હતા ત્યારે ફરી અવનીશ ત્યાં આવી પહોંચ્યો હતો. તે પતિને અગાસી પર લઈ ગયો હતો અને ચાય પીવાનું બહાનું કાઢી પતિને દૂધ લેવા નીચે મોકલ્યો હતો. પતિ નીચે જતાં જ અવનીશે પાછળ આવી પરિણીતાનો હાથ પકડી 'તું મને કેમ કીસ આપતી નથી અને મારી પાસે કેમ નથી આવતી?' બનાવ બાદ ગભરાઈને રડતી પત્ની પાસેથી આપવીતી સાંભળી પતિ મુંઝવણમાં

...અનુસંધાન પાના ૧૩ પર

# કોર્પોરેટરો જે કરવાનું છે તે કરતાં નથી, ફોટોસેશનમાં પહોંચી જાય છે



**ગોથાણ** બ્રિજ નવો બનાવ્યો હોય તેમ નારિયેળ ફોડીને લોકાર્પણ જેવો ડ્રામા

**બ્રિજને** થયેલા નુકસાન બદલ ઇજારદાર સામે કાર્યવાહીના બદલે જશ લેવાની દોટ મુકાઇ હોવાની ટિપ્પણી

સુરત : હજીરા વિસ્તારને નેશનલ હાઈવે સાથે જોડતા મહત્વના ગોઠાણ-ઉમરા બ્રિજનું રિપેરિંગ પૂર્ણ થતાં તેને ફરી વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકવામાં આવ્યો છે. લાંબા સમયથી માર્ગ બંધ હોવાથી ભારે વાહનો સહિત રોજ પસાર થતા આશરે 25 હજારથી વધુ વાહનચાલકોને ટ્રાફિકની સમસ્યાનો સામનો કરવો પડતો હતો. માર્ગ ખુલતાં હવે વાહનચાલકોને રાહત મળવાની સાથે નેશનલ હાઈવે

...અનુસંધાન પાના ૧૩ પર

# દિવાળી પહેલાં ઉધના સ્ટેશનનો હોલ્ડિંગ એરિયા શરૂ કરવાનો ટાર્ગેટ

**સુરત** MMTH ફેઝ-1ની કામગીરી 51% પૂર્ણ

**2.5 લાખ** ચોરસ મીટરમાં વિકસી રહ્યું છે મલ્ટી-મોડલ હબ



સુરતઃ તહેવારોની સીઝનમાં સુરતથી ઉત્તર ભારત તરફ જતી ટ્રેનોમાં મુસાફરોની ભારે ભીડને

...અનુસંધાન પાના ૧૩ પર

**સુરત MMTH ફેઝ-1**

આશરે 2.5 લાખ ચોરસ મીટર વિસ્તારમાં બની રહેલા મલ્ટી-મોડલ હબના પ્રથમ ફેઝનું કામ 51% જેટલું પૂર્ણ થઈ ગયું છે. આ આખા પ્રોજેક્ટને ડિસેમ્બર 2027 સુધીમાં પૂરો કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

**ઉધના સ્ટેશન હોલ્ડિંગ એરિયા**

સુરત બાદ GM ઉધના સ્ટેશન પહોંચ્યા હતા અને પૂર્વ દિશા તરફ બની રહેલા હોલ્ડિંગ એરિયાની મુલાકાત લઇ મુસાફરો માટે બેસવાની વ્યવસ્થા, પીવાનું પાણી, શૌચાલય અને સુરક્ષાની સમીક્ષા કરી હતી.

**પ્લેટફોર્મ 1 અને 2 ની સમીક્ષા**

સુરત સ્ટેશન પર ચાલી રહેલા વર્તમાન કાર્યોની સાથે પ્લેટફોર્મ નંબર 1 અને 2 વચ્ચે સૂચિત આગામી તબક્કાના કામકાજની વિગતો પણ મેળવવામાં આવી હતી.




# મોબાઈલ ચોરી કરી પાર્ટ કાઢી વેચવાનું કૌભાંડ ઝડપાયું

**સ્પોર્ટ્સ** બાઇક પર દોઢ મહિનામાં 58 મોબાઇલ સ્નેચિંગ, ત્રણ ઝડપાયા

સુરતઃ શહેરમાં સ્પોર્ટ્સ બાઈક પર સવાર થઈ રાહદારીઓ અને વાહનચાલકોના હાથમાંથી મોબાઈલ ફોન ઝૂંટવી ફરાર થઈ જતી ગેંગનો સિંગણપોર પોલીસે પર્દાફાશ કર્યો છે. નંબર પ્લેટ વિનાની હાઈસ્પીડ સ્પોર્ટ્સ બાઈક પર મોબાઈલ સ્નેચિંગ કરનારા બે રીઢા આરોપીઓ સહિત ચોરીના મોબાઈલ ખરીદીને તેના સ્પેરપાર્ટ્સ કાઢી અન્ય ગ્રાહકોના મોબાઈલમાં ફિટ કરનારા દુકાનદારની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે ત્રણેય પાસેથી કુલ 58 મોબાઈલ ફોન તથા સ્પોર્ટ્સ બાઈક સહિતનો મુદ્દામાલ કબજે કરી ફરાર ત્રીજા સાગરીતને ઝડપી પાડવાના પ્રયાસો હાથ ધર્યા છે.

પોલીસ તપાસમાં મળતી માહિતી મુજબ, શહેરમાં છેલ્લા કેટલાક સમયથી નંબર પ્લેટ વિનાની સ્પોર્ટ્સ બાઈક પર સવાર થઈ મોબાઈલ સ્નેચિંગ કરતી ગેંગ સક્રિય હતી.


**ચોરીના ફોન સસ્તા ભાવે દુકાનદારને વેચતા હતાં**

આરોપીઓની પૂછપરછમાં ચોરીના મોબાઇલ સિંગણપોરના નવનાથના ખાડા વિસ્તારમાં આવેલી મહાદેવ મોબાઇલના સંચાલક રમેશ ભગારામ પ્રજાપતિ, (રહે. જમનાપાર્ક, કોઝવે રોડ)ને સસ્તા ભાવે વેચતા હોવાનું સામે આવ્યું હતું. તેના આધારે પોલીસે રમેશ પ્રજાપતિને ઝડપી તેની પાસેથી વધુ 55 મોબાઇલ ફોન કબજે કર્યા હતા. સિંગણપોર પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે ગેંગના ફરાર સાગરીત અર્જુન યાદવને ઝડપી પાડવા પોલીસની ટીમોએ તપાસ તેજ કરી છે.

અગાઉના બનાવોમાં આ બાઈક CCTV કેમેરામાં કેદ થઈ હોવાથી પોલીસ ટીમો ગેંગની શોધમાં હતી. દરમિયાન સિંગણપોર પોલીસને બાતમી મળી હતી કે શંકાસ્પદ સ્પોર્ટ્સ બાઈક વિજયરાજ સર્કલ પાસેથી પસાર થવાની છે. બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી રોહિત દિનેશ યાદવ અને સત્યમ રાજકુમાર ઝાને

...અનુસંધાન પાના ૧૩ પર


જુની અને જાણીતી **બોમ્બે માર્કેટ** ઉમરવાડા, સુરત-૧૦



તા.૨૫-૦૯-૨૦૨૬ ને શુક્રવાર ના રોજ **ગણપતિ વિસર્જન** નિમિત્તે માર્કેટ સંપૂર્ણપણે બંધ રહેશે.

તા.૨૬-૦૯-૨૬ ને શનિવારથી માર્કેટ રાબેતા મુજબ ચાલુ રહેશે.

બોમ્બે માર્કેટ ફિઝિયોથેરાપી સેન્ટર તેમજ હોમીઓપેથી ક્લિનિક માં રાહત દરે સારવાર ઉપલબ્ધ છે.

નોંધ: દર રવિવારે માર્કેટ બંધ રહેશે.



**અવસાન/શ્રધ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો**

M.81539 99901

ગુજરાતમિત્ર


**ભાવભીની શ્રદ્ધાંજલિ**



સમય જીદંગીનો ઓછો હશે એ કયાં ખબર હતી, વિદાય તમારી અણધારી હશે કયાં ખબર હતી. જીવન એવું જીવી ગયા કે સૌ જોયા કરે. ફરજ અને વ્યવહારથી કદી ચુકયા નહી. ધર્મ કદી ભૂલ્યા નહીં. સારા સંસ્કાર આપ્યા. હયાત નથી તમે પણ સાથે હોય એવું લાગ્યા કરે છે. યાદોમાં હંમેશા તમારા પ્રત્યક્ષ દર્શન થયા કરે છે. હજી જોઈતો હતો તમારો સંગાથ... પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એવી નમ્ર પ્રભુ પ્રાર્થના...

સ્વ. લક્ષ્મીબેન ભીખાભાઈ આહિર
સ્વ. તા. ૧૨/૦૯/૨૦૨૬
ગામ. જુનાગામ

લિ.

| | |
|---|---|
| કુસુમબેન સુરેશભાઈ આહિર (ડુમસ) | લતાબેન મનીષભાઈ આહિર (ડુમસ) |
| ગીતાબેન રાજુભાઈ આહિર (અમદાવાદ) | હંસાબેન મુકેશભાઈ આહિર (કનસાડ) |
| દક્ષાબેન મહેશભાઈ આહિર (વાલનેર) | માલતીબેન મુકેશભાઈ આહિર (ઉધના) |

તથા સમસ્ત પરિવારના જય શ્રી કૃષ્ણ

**પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



વાત્સલ્યનું એ વટવૃક્ષ આજે નથી, પણ એ વટવૃક્ષના શીતલ છાંયડા સમા આપના સંસ્કારો, દીર્ઘદ્રષ્ટિ, વ્યવહાર કૌશલ્ય અને કર્મયોગ આજે પણ અમારા જીવનને શાંતિ આપી રહ્યા છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.
આપના પુણ્ય આત્માને સાદર વંદન...

સ્વ. માધવીબેન કીરીટકુમાર જરીવાલા
સ્વ.તા. ૨૨-૦૯-૨૦૨૫

લિ.
કીરીટકુમાર ઈશ્વરલાલ જરીવાલા
સ્વ. શશીકાંત ઈશ્વરલાલ જરીવાલા ગં.સ્વ. મંજુલાબેન શશીકાંત જરીવાલા
અશોકકુમાર ઈશ્વરલાલ જરીવાલા કલ્પના અશોકકુમાર જરીવાલા
સ્વ. ઈશ્વરલાલ છગનલાલ જરીવાલા પરિવાર

**દુઃખદ અવસાન**
**સ્મશાનયાત્રા / ઉઠમણું**



અત્યંત દિલગીરી સહ જણાવવાનું કે મારા ધર્મપત્ની / ભાભી / માતૃશ્રી **માલતીબેન કનૈયાભાઈ જરીવાળા**નું સોમવાર તા. ૨૧/૦૯/૨૦૨૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

સ્વ. માલતીબેન કનૈયાભાઈ જરીવાળા
સ્વ. તા. ૨૧/૦૯/૨૦૨૬

**સદ્દગતની સ્મશાન યાત્રા**
તા. ૨૨/૦૯/૨૦૨૬ મંગળવારના રોજ સવારે ૯.૦૦ કલાકે અમારા નિવાસ સ્થાનેથી નિકળી રામનાથઘેલા સ્મશાનગૃહ, ઉમરા મુકામે જશે.

સદ્દગતનું ઉઠમણું મંગળવાર તા. ૨૨/૦૯/૨૦૨૬ના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે અમારા નિવાસ સ્થાને રાખવામાં આવેલ છે.

લિ. કનૈયાભાઈ સુભાષચંદ્ર (ભાઈદાસ) જરીવાળા (પતિ)
જીતુભાઈ સુભાષચંદ્ર (ભાઈદાસ) જરીવાળા (ભાઈ)

| | |
|---|---|
| પ્રિયંકા - ચિત્રાંગ કનૈયાભાઈ જરીવાળા (પુત્રવધુ-પુત્ર) | અમિતા મહેશભાઈ બાદલવાળા (બેન-બનેવી) |
| અંકિતા પ્રશાંતકુમાર જરીવાળા (પુત્રી-જમાઈ) | ભારતી દિનેશચંદ્ર મહારાજવાળા (બેન-બનેવી) |
| નેન્સી સંજયકુમાર લાપસીવાળા (પુત્રી-જમાઈ) | હેમિન્સ જીતુભાઈ જરીવાળા (ભત્રીજો) |
| M.9825111109 | ટેકિલ્સ જીતુભાઈ જરીવાળા (ભત્રીજો) |

નિવાસ સ્થાન : લક્ષ્મી વિષ્ણુ ભવન, ગોપીપુરા, સંઘાડીયાવાડ, સુરત.

**શ્રદ્ધાંજલી**



પળે પળે યાદ આવશે અમને, સદાય તમારી ખોટ રહેશે અમને, દેહથી ભલે દુર થયા તમે, સદાય અમારા હૃદયમાં વસો છો પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે

સ્વ. ભરતભાઈ હરીભાઈ આહીર
સ્વ. તા. ૨૦-૦૯-૨૦૨૬

શોકાતુર

| | |
|---|---|
| રાજીવભાઈ ગોવિંદભાઈ આહીર-ડુમ્મસ | ઋત્વિક પ્રકાશભાઈ આહીર- ડુમ્મસ |
| પ્રકાશભાઈ ગોવિંદભાઈ આહીર-ડુમ્મસ | ધ્રુવીન રાજીવભાઈ આહીર- ડુમ્મસ |
| અશોકભાઈ ગોવિંદભાઈ આહીર-ડુમ્મસ | આર્યન અશોકભાઈ આહીર-ડુમ્મસ |
| સુમનબેન ઈશ્વરભાઈ આહીર-મોટા | જયશ્રીબેન હરિશભાઈ આહીર-ડુમ્મસ |
| નેહાબેન મીહીરભાઈ આહીર-બારડોલી | મિત્તલબેન ભાવિકભાઈ આહીર-વરાછા |

વૃત્તિ અશોકભાઈ આહીર (ડુમ્મસ) તથા સમસ્ત પરિવાર

**૧૮મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



આપના ઉચ્ચ સંસ્કારો, પ્રેરક આદર્શો, સંયુક્ત કુટુંબ ભાવનાઓ, અથાક પરિશ્રમ દ્વારા અમને જે પ્રગતિ અને રિદ્ધિ સિદ્ધિ સાંપડી છે તે આપે આપેલા અને જીવનભર ચલાવેલાં શ્રમયજ્ઞની જ ફળસિદ્ધિ છે. એ બદલ અમે સદાય તમારા ઋણી રહીશું.

સ્વ. નવીનચંદ્ર એમ. ચેવલી
સ્વ. તા. ૨૨-૯-૨૦૦૮

લિ.
ગં.સ્વ હંસાબેન એન. ચેવલી
મનિષ એન. ચેવલી વ્યોમ મનીષ ચેવલી
દેવી એમ. ચેવલી હિદયાંશ મનીષ ચેવલી
જૈની તરૂણકુમાર કાપડીયા
જાગૃતી નારાયણકુમાર કાપડીયા
પીંકી મનોજકુમાર ચેવલી